ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંકઃ બીઝેડ/ફોરમ/૬૫/૨૩-૨૪/ 153 તારીખ : 21 FEB 2024

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શારદાબેન જે.તલસાણીયા,**
કે/ઓ છબીલભાઈ ટી શેઠ,
પંકજ હાઉસ, ડો.સોનાગ્રાના દવાખાના પાસે,
૪/સરદાર પટેલ રોડ,
જી.સુરેન્દ્રનગર.

કેસ નં.૬૫/૨૩-૨૪

મો.નં- ૯૦૯૯૭ ૪૬૦૫૬

**વિષય : બંધ મકાન હોવા છતાં ૪૦ યુનિટ નું બીલ મળવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૦૯/૧૦/૨૦૨૩ જે અત્રેની કચેરીને મળ્યા તા.૧૬/૧૦/૨૦૨૩.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૬૫/૨૩-૨૪/૦૩ તા.૦૨/૦૧/૨૦૨૪.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૬૫/૨૩-૨૪/૩૧ તા.૧૬/૦૧/૨૦૨૪.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૩૧/૦૧/૨૦૨૪** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણઃ- ઉપર મુજબ.**

પ્રતિઃ કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર.

*.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાનાઃ-**

(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) નાયબ ઈજનેરશ્રી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,શહેર પેટા વિભાગીય કચેરી-૧, સુરેન્દ્રનગર.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

## ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૬૫/૨૩-૨૪** ☜

વાદી :– **શારદાબેન જે.તલસાણીયા.**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખ:– તા.૩૧/૦૧/૨૦૨૪** ◈

**વાદી હાજર રહયા** :– ગેરહાજર.
**પ્રતિવાદી** :– **શ્રી એચ.પી.રાવળ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શારદાબેન જે તલસાણીયા, મું.તા.જી.સુરેન્દ્રનગર ની બંધ મકાન હોવા છતાં ૪૦ યુનિટનું બીલ મળવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૬૫/૨૩-૨૪ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગરને પત્ર નં. બીઝેડ/ફોરમ/૬૫/૨૩-૨૪/૦૩ તા.૦૨/૦૧/૨૦૨૪ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૩૧/૦૧/૨૦૨૪** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી ગેરહાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એચ.પી.રાવળ કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ વાદીશ્રી શારદાબેન જંયતિલાલ ના નામે ગ્રાહક નંબર–૨૫૧૦૬/૦૧૯૦૫/૨ થી ઘર વપરાશ નું ૧.૫ કી.વો.નું વીજ જોડાણ તા.૩૦.૧૧.૨૦૦૨ થી પેટા વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર શહેર–૧ ખાતે ધરાવે છે.

૧.૨ વાદી જણાવે છે કે, તેઓને તા.૨૨.૦૬.૨૦૨૩ અને તા.૨૧.૦૮.૨૦૨૩ ના રોજ મકાન બંધ હોય "૦" યુનિટનું વીજ બીલ આપવાને બદલે બંને બીલ ૪૦ યુનિટનાં આપવામાં આવેલ છે. જે બંન્ને વીજ બીલની રકમ રૂ.૨૮૧ + ૨૮૯ મળીને કુલ રૂ.૫૬૦/– ની રકમ ભરેલ છે. જે રકમ રીફંડ આપવા માટે જણાવે છે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

૧.૩ હવે પછીનાં વીજ બીલ " ૦ " યુનિટના આપવા તેમ રજુઆત કરેલ છે.

**<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ વાદીશ્રી શારદાબેન જયંતિલાલ ના નામે ગ્રાહક નંબર–૨૫૧૦૬/૦૧૯૦૫/૨ થી ઘર વપરાશનું વીજ જોડાણ પેટા વિભાગીય કચેરી, સુ.નગર શહેર–૧ ખાતે ધરાવે છે.

૨.૨ વાદીનું વીજ બીલ દર બે મહીને વીજ કચેરી દ્વારા બનાવવામાં આવે છે. પેટા વિભાગીય કચેરી, સુ.નગર શહેર–૧ ના મીટર રીડર દ્વારા તા.૨૨.૦૬.૨૦૨૩ અને તા.૨૧.૦૮.૨૦૨૩ ના રોજ સદર સ્થળ પર મીટર વાંચન કરવા જતાં મકાન બંધ હોવાથી મીટરનું વાંચન થઈ શકેલ ન હતું. કંપનીના નિયમ મુજબ જો કોઈ ગ્રાહકનું મકાન બંધ હોય અને મીટર મીટર જોઈ શકાય તેમ ના હોય, તેવા સંજોગોમાં ગ્રાહકને લોકનું વીજ બીલ આપવામાં આવે છે. જેનું વીજ બીલ એલ.ટી.બિલીંગ સીસ્ટમ દ્વારા ઓટો એવરેજ ગણી બનાવવામાં આવે છે.

૨.૩ વાદીને તા.૨૨.૦૬.૨૦૨૩ ના રોજ ૪૦ યુનિટનું રૂા.૩૧૭/૪૦ નું વીજ બીલ આપેલ હતું. તેમજ તા.૨૧.૦૮૨૦૨૩ ના રોજ ૪૦ યુનિટનું રૂા.૩૨૭/૧૮ નું વીજ બીલ આપેલ હતું. ત્યારબાદ નું વીજ બીલ નિયમ મુજબ "૦" યુનિટનું વીજ બીલ તા.૨૦.૧૦.૨૦૨૩ ના રોજ આપવામાં આવેલ છે.

૨.૪ પેટા વિભાગીય કચેરી, દ્વારા પત્ર નંબર–૬૩ થી તા.૨૪.૦૧.૨૦૨૪ ના રોજ પ્રત્યુતર આપવામાં આવેલ છે. જેમાં જણાવ્યા મુજબ, સદર મીટરનું વાંચન થતા વપરાશ મુજબનું બીલ બનાવી લોક બીલની રકમ એડજસ્ટ કરવામાં આવશે.

૨.૫ આમ વાદીને કંપનીના નિયમ મુજબ જ લોકના વીજ બીલ આપવામાં આવેલ છે. જે લોક બીલ આપવામાં આવેલ છે ત્યાર પહેલાના ૦૪ વીજ બીલમાં વપરાશ નોંધાયેલ છે. આમ, હવે પછી સદર મીટરનું વાંચન થયે લોક બીલની રકમ મજરે બીલમાં એડજસ્ટ કરવામાં આવશે. આમ, લોક બીલની કોઈ બીલની રકમ કંપનીના નિયમ મુજબ રીફંડ આપી શકાય નહી. જે આપ સાહેબ ની જાણ સારૂં.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર શારદાબેન જે તલસાણીયા વતી છબીલભાઈ ટી શેઠ ની રજુઆત મુજબ તેઓ સુરેન્દ્રનગર ખાતે ગ્રા.નં.–૨૫૧૦૬/૦૧૯૦૫/૨ થી ઘરવપરાશનું વીજ જોડાણ ધરાવે છે તથા તેમને બંધ ઘરના પ્રતિવાદી એ આપેલ ૪૦–૪૦ યુનીટનાં બે લોકના બીલ સામે વાંધો હોઈ ફોરમ ને રજુઆત કરેલ છે.

૩.૨ વાદી ની રજુઆત મુજબ તેમને તા.૨૨.૦૬.૨૦૨૩ અને તા.૨૨.૦૮.૨૦૨૩ ના વીજ બીલો મકાન બંધ હોવા છતાં લોક સ્ટેટસમાં ૪૦–૪૦ યુનીટના આપવામાં આવેલ છે એ ખરેખર "૦" યુનીટના હોવા જોઈએ.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

૩.૩ પ્રતિવાદીની રજુઆત મુજબ વાદીના સ્થળ પર મીટર વાંચન કરવાના સમયે મકાન બંધ હોઈ તા.૨૨.૦૬.૨૦૨૩ તેમજ તા.૨૧.૦૮.૨૦૨૩ ના દ્વિ માસીક વીજ બીલનું લોક સ્ટેટસના ૪૦ યુનીટના આપવામાં આવેલ છે. જયારે, તા.૨૦.૧૦.૨૦૨૩ નું વીજ બીલ મકાન બંધ હોવાથી નિયમ મુજબ "0" યુનીટનું આપેલ છે. તેમજ જયારે મકાન ખુલશે અને મીટર વાંચન થશે ત્યારે હકીકતમાં થયેલ વીજ વપરાશ નું બીલ વાદી ને આપવામા આવશે અને ભરેલ રકમ એડજેસ્ટ કરી આપવામા આવશે. આ અંગેની જાણ પણ વાદીને પત્ર થી કરેલ છે.

૩.૪ વાદી આજરોજની તા.૩૧.૦૧.૨૦૨૪ ની સુનાવણીમાં હાજર રહેલ નથી, તેમજ ટેલીફોનીક સંપર્ક કરતા તેઓને પગમાં ફેકચર હોવાથી અઢી માસ બહાર નીકળી નહી શકે તેમ જણાવેલ.

૩.૫ આ તબકકે જી.ઈ.આર.સી.ના સપ્લાય કોડ– ૪/૨૦૧૫ ના કલોઝ–૬.૨૧ ને ધ્યાને લેવામાં આવે છે, જે નીચે મુજબ છે.

**"૬.૨૧ મીટર વાંચન"**

" કોઈપણ કારણસર બિલ તૈયાર કરવાના કામ દરમ્યાન મીટર વાચવામાં ન આવે, તો પરવાનેદાર વાંચન લેવાયેલ હોય તે છેલ્લા ત્રણ મહીનાના સત્રમાં સરેરાશ વપરાશના આધારે કામચલાઉ બિલ તૈયાર કરશે. આવી કામચલાઉ બિલ તૈયાર કરવાની વ્યવસ્થા સળંગ બે બીલીંગ અવધિ (સાયકલ) કરતા વધુ સમય માટે ચાલુ રહેશે નહીં. બિલ તૈયાર કરવાની બે અવધિ (સાયકલ) પછી પણ મીટર વાંચન શકય ન હોય તો પરવાનેદાર, ગ્રાહક ને લાગુ પડતા ન્યુનતમ ચાર્જ અને/અથવા નિયત ચાર્જ માટે બિલ મોકલશે."

૩.૬ આમ, ઉપરોકત રજુઆતો અને જી.ઈ.આર.સી.ના સપ્લાય કોડને ધ્યાને લેતાં, પ્રતિવાદી પી.જી.વી.સી.એલ દ્વારા વાદીમાં કરવામાં આવેલ બીલીંગ નીયમોનુસારનું છે, અને પ્રથમ દ્રષ્ટિ એ કોઈ વિવાદનું સ્પષ્ટ કારણ જણાતું ન હોઈ, વાદીની અરજીનો નિકાલ કરવામાં આવે છે.

## –:: હુકમ ::–

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૬ " મુજબ હુકમ કરવામાં આવે છે.**
- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જીલ્લા સેવા સદન–૩, ત્રીજો માળ, બ્લોક નં–૧, સરકારી પ્રેસ રોડ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રી જે.એમ મહેતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

(ગેરહાજર)
**(બી.આર.વડાવીયા)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એન.સી.મકવાણા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કાં.લી.:ભાવનગર.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

તારીખ :– **૩૧/૦૧/૨૦૨૪.**